–: ક્રિમી. કેસ નં.૧૧૭૧/૨૦૨૩ નાં કામે આંક–૧૪ ની અરજી લગત હુકમ :–

૧. આ કામનાં અરજદાર ગીતાબેન અરવિંદભાઈ અંબાલાલ પટેલ કે જેઓ આ કામના મુળ ફરીયાદી છે જેઓએ ચાંગોદર પો.સ્ટે. ગુન્હા રજી. નં.૧૧૧૯૨૦૧૫૨૩૦૦૮૭/૨૦૨૩, ઈ.પી.કોડની કલમ–૩૭૯, ૧૧૪ જે ગુન્હાનું ચાર્જશીટ દાખલ થતાં જેનો ક્રિમી. કેસ નં.૧૧૭૭/૨૦૨૩ નો નંબર પડેલ છે. ઉપરોકત ગુન્હાનાં કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન FORD કંપનીની ગાડી FREE STYLE TINENIUM MOONDUST SILVER જેનો RTO રજીસ્ટ્રેશન નં.GJ-38-BB-6969 તથા ચેચીસ નં:MAJGXXMTKGJP એન્જીન નં:JP 14339 ઉપરોકત ગુન્હાના કામે પોલીસે આ ગુન્હાના આરોપી નં.૪ કાર્તિકભાઈ પ્રવિણભાઈ પટેલ પાસેથી કબજે કરેલ. જે અન્વયે હાલના અરજદાર /મુળ ફરીયાદીએ ક્રિ.પ.અ.નં.૬૮/૨૦૨૩ તથા આરોપી નં.૪ નાઓએ ક્રિ.પ.અ. નં.૬૭/૨૦૨૩ થી મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં પરત લેવા સારું અરજ ગુજારેલ. જે અન્વયે બંને પક્ષકારો એટલે કે હાલના અરજદાર અને આરોપી નં.૪ નાઓ વચ્ચે સમાધાન થતાં જે સમાધાનની રૂએ આ કામનાં આરોપી નં.૪ નાએ હાલના અરજદાર/મુળ ફરીયાદીને વાટાઘાટના અંતે રૂપીયા અઢી લાખ આપવાનું નકકી કરેલ અને જેથી સમાધાનથી હાલના

અરજદારે ક્રિ.પ.અ. નં.૬૮/૨૦૨૩ મુદ્દામાલ અરજી વીડ્રો કરેલ. જેથી અત્રેની અદાલત ધ્વારા સદરહું મુદ્દામાલ આરોપી નં.૪ ને વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરેલ અને હાલમાં મુદ્દામાલ વાહન આરોપી નં.૪ ના કબજા ભોગવટામાં છે. વધુમાં તેઓએ તેમની અરજીની હકીકતે જણાવેલ છે કે, અત્રેની અદાલત ધ્વારા હુકમ થયા બાદ આરોપી નં.૪ નાએ અરજદારને સમાધાન પેટેની રકમ રૂપીયા અઢી લાખ હાલની સ્થિતિએ આપેલ નથી અને ફરીગયેલ હોય તે રીતે પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન પેટેની શરતનો ભંગ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, હાલના અરજદારની ઉંમર ૭૦ વર્ષ છે, શારીરિક સ્થિતિ નબળી છે અને હાલના ગુન્હાના કામે આરોપી નં.૪ ને સોંપેલ મુદ્દામાલ આર.ટી. ઓ.માં તથા આર.સી.બુકમાં હાલના અરજદારના નામે ચાલે છે અને મુદ્દામાલ વાહનના માલિક કબજેદાર અને ભોગવટેદાર છે હોય મુદ્દામાલ વાહન વિના અરજદારને પારાવાર મુશ્કેલીઓ પડી રહેલ છે અને જો મુદ્દામાલ વાહન આરોપી નં.૪ ના કબજા ભોગવટામાં હોવાથી ગાડીનો નાશ કરી દે અગર તો મુદ્દામાલ વાહનને નુકશાન પહોંચાડે તેમ હોય જેથી આ તમામ હકીકતો ધ્યાને લઈ હાલના ગુન્હાના કામે ક્રિ.પ.અ.નં.૬૭/૨૦૨૩ અન્વયેના હુકમ અન્વયે આરોપી નં.૪ ને વચગાળાની કસ્ટડીમાં સોંપેલ હોય જે હુકમ રદ્દ કરી હાલના અરજદારને મુદ્દામાલ યોગ્ય શરતોને આધિન વચગાળાના તબકકે પરત મેળવવા અરજદારે અરજ ગુજારેલ છે.

૩. હાલના અરજદારે પોતાની હાલની અરજીના સમર્થનમાં આંક–૧૫ ના લીસ્ટથી નિશાની ૧૫/૧ થી અરજદારના આધારકાર્ડ/પાન કાર્ડની ઝેરોક્ષ, નિશાની ૧૫/૨ થી સાહેદ દિપકભાઈ ગોપાલભાઈનું સોગંદનામુ, નિશાની ૧૫/૩ થી એફ.આઈ.આર.ની ઝેરોક્ષ નકલ, નિશાની ૧૫/૪ થી આર. સી. બુકની ઝેરોક્ષ નકલ, નિશાની ૧૫/૫ થી અસલ આર. સી. બુકની ઝેરોક્ષ નકલ, નિશાની–૧૫/૬ થી આઈ.સી.આઈ.સી.આઈ. વીમા પોલીસીની ઝેરોક્ષ નકલ, ૧૫/૭ થી એચ.ડી. એફ.સી. બેંકનું નો–ડયુ સર્ટિફીકેટની ઝેરોક્ષ નકલ રજૂ રાખેલ છે.

૪. આ કામે સામાવાળા આરોપી નં.૪ કાર્તિકભાઈ પ્રવિણભાઈ પટેલ તરફે હાલની અરજી વિરૂધ્ધ આંક–૧૭ થી લેખીત વાંધા રજૂ રાખેલ છે અને હાલના અરજદારની હાલની અરજીમાં જણાવેલ હકીકતોનો ઈનકાર કરી પોતાના જવાબમાં વિશેષમાં જણાવેલ છે કે, હાલના અરજદાર એ મુદ્દામાલ વાહનના માલિક નથી, ફિ.પ.અ. નં.૬૮/૨૦૨૩ ની મુદ્દામાલ અરજી હાલના અરજદારે વિડ્રો કરેલ છે અને તે અન્વયે નામદાર કોર્ટ ધ્વારા અમોએ વાહન ખરીદેલ હોય માલિક બનેલ હોય જેથી વચગાળાનો હુકમ કરી મુદ્દામાલ શરતોને આધિન અમોને સોપેલ છે તે રીતે અમોએ કોઈપણ શરતોનો ભંગ કરેલ નથી અને સદરહું હુકમની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરેલ છે. આ

કામનાં ફરીયાદીને અમારે કોઈ રકમ ચૂકવવાની બાકી નથી અને જો કોઈ રકમ બાકી નીકળતી હોય તો તે રકમ વસુલ કરવા કાર્યવાહી કરી શકે છે, મુદ્દામાલ વાહનને કોઈ નુકશાન થાય તો તે માટે અમારી જવાબદારી બને છે, હાલના અરજદારની કોઈ જવાબદારી બનતી નથી. ક્રિ.પ.અ. નં.૬૭/૨૦૨૩ ના હુકમને અત્રેની અદાલતમાં નહીં પરંતુ ઉપલી અદાલતમાં પડકારવામાં આવેલ નથી. જો મુદ્દામાલ અરજીમાં થયેલ હુકમ અન્વયેની શરતોનો ભંગ થયેલ હોય તો અત્રેની અદાલત ધ્વારા તેવી શરત ભંગ બદલ હુકમ રદ્દ કરી શકે પરંતુ અમોએ હુકમમાં ઠરાવેલ કોઈપણ શરતનો ભંગ કરેલ નથી જે તમામ હકીકતો ધ્યાને લઈ હાલની અરજી ખર્ચસહીત રદ્દ કરવા વિનંતી કરેલ છે.

૫. હાલના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ ધ મીડોજ બાય પેસીફિક ગોકુલધામ સનાથલ ખાતેથી ફરીયાદીની ફોર્ડ ફ્રીસ્ટાઈલ ગાડી રજી. નં.જી.જે.–૩૮, બી.બી. ૬૯૬૯ જેનો ચેચીસ નં:MAJGXXMTKGJP એન્જીન નં:JP 14339 ની આશરે રૂા.૩,૫૦,૦૦૦/– તથા ગાડીમાં પડેલ સરસામાનમાં પર્સ બેગમાં પડેલ રૂા.૫૦,૦૦૦/– રોકડા તથા સને–૧૯૭૮ માં હીરાનું સોનુ જડેલુ મંગળસુત્ર ૩૪ ગ્રામનું કિંમત રૂા.૧,૦૦,૦૦૦/– તથા ફરીયાદીનું પાન કાર્ડ તથા આધાર કાર્ડ તથા યશ બેંક પ્રહલાદ નગર ગાર્ડન સેટેલાઈટના એકાઉન્ટની ચેકબુક જે બુકમાં

બે ચેકો સહી કરેલ તથા નાગરિક સહકારી બેંક મહેસાણાના એકાઉન્ટની ચેકબુક જે બુકમાં ત્રણ ચેકમાં સહી કરેલ હતી તથા કરિયાણાની વસ્તુ તથા ઘર વપરાશની વસ્તુઓ મળી કુલ રૂા.૭,૦૦૦/– મળી કુલ રૂા.૫,૦૭,૦૦૦/– ની ચોરી કરી લઈ જઈ ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુન્હો કરેલ.

આમ, આરોપી સામે ફરિયાદપક્ષનો ગાડી તથા તેમાં રહેલ ચેકબુક અને અન્ય કિંમતી સામગ્રીઓ ચોરી કરવાનો આક્ષેપ છે. નોંધવાનું રહે કે હાલના કામે મુદ્દામાલ ગાડી ફોર્ડ જીજે–૩૮–બીબી–૬૯૬૯ એ વિષયવસ્તુ છે. આરોપીએ અટક બાદ ક્રિ.પ.અ.નં. ૬૭/૨૦૨૩ દાખલ કરેલ અને મુદ્દામાલ પોતાની માલિકીની ગાડી હોવાનો દાવો કરેલ. જેની સામે ફરિયાદપક્ષે ક્રિ.પ.અ.નં. ૬૮/૨૦૨૩ થી પોલીસે આરોપી પાસેથી કબજે મેળવેલ મુદ્દામાલ ગાડી પોતે રજીસ્ટર્ડ માલિક હોય તેઓને સોંપવા અરજ કરેલ. ઉપરોક્ત બંને ક્રિ.પ.અરજીના કામે પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ અને તે મુજબ ક્રિ.પ.અ.નં. ૬૭/૨૦૨૩ અને ક્રિ.પ.અ.નં. ૬૮/૨૦૨૩ ના કામે ફરિયાદી અને આરોપીએ તા.૧૨/૦૭/૨૦૨૩ ની પુરસીસથી ફરિયાદીએ કોર્ટ રૂબરૂ જાહેરાત કરેલ કે આરોપી કાર્તિક પ્રવિણભાઈ પટેલ સાથે સમાધાન થઈ ગયેલ છે અને સમાધાન મુજબ અમો અરજદાર ફરિયાદી સદરહું ગાડી આરોપી કાર્તિકને આપવાની છે અને

હવે પછી અરજી આગળ ચલાવવાની રહેતી નથી તેવુ જાહેર કરી ફરિયાદપક્ષે આરોપી કાર્તિક પ્રવિણભાઈ પટેલને ગાડી સોંપેલ અને તે સામે આરોપી કાર્તિક પ્રવિણભાઈ પટેલે બાહેંધરી આપેલ કે તેઓએ ફરિયાદપક્ષ સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૩૮ મુજબની જે ફરિયાદ આરોપીએ ફરિયાદપક્ષ સામે કરેલ છે તેવી ફરિયાદ પાછી ખેંચવાની રહેશે.

આમ, બંને પક્ષોએ શરતી સમાધાન કરેલ અને તે મુજબ આરોપી કાર્તિકે ફરિયાદપક્ષ સામેનો ચેકનો કેસ પરત ખેંચવાનો હતો પરંતુ તેવો ચેકનો કેસ આરોપીએ પરત ખેંચેલ નહી અને સમાધાન મુજબનું વર્તનનો ભંગ થતા ફરિયાદપક્ષે હાલની આ અરજી તા.૨૬/૦૯/૨૦૨૩ ના રોજ પોતાની માલિકીની મુદ્દામાલ ગાડી આરોપી કાર્તિકના કબજામાંથી પરત મેળવી તેણીને સોંપવા અરજ કરેલ છે. અરજીના સમર્થનમાં ફરિયાદપક્ષે સમાધાનમાં રહેનાર સાહેદ મિડિએટર દિપકભાઈ ગોપાલભાઈ પટેલનું સોગંદનામું નિશાની ૧૫/૨ થી રજુ કરેલ છે. જેમાં મિડિએટરની સોગંદ પરની જાહેરાત મુજબ તેઓ જણાવે છે કે અરજદાર ફરિયાદી ગીતાબેનને આરોપી કાર્તિક પટેલે રૂા.૩,૦૦,૦૦૦/– આપવાનુ નક્કી કરેલુ. પરંતુ તેની ચુકવણી ન કરતાં સમાધાન કરારનો ભંગ થયેલ છે.

હાલની અરજદાર ફરિયાદીની આંક ૧૪ ની અરજી સામે

વાંધાઅરજી આરોપી તરફે આંક ૧૭ થી રજુ થયેલ છે અને તેવા વાંધામુજબ આરોપી તરફે નામદાર કોર્ટથી વચગાળાના હુકમ મુજબ જે શરતો રાખેલ છે તેનો કોઈ ભંગ થયેલ ના હોય ફરિયાદીની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

ફરિયાદપક્ષે તા.૨૨/૧૧/૨૦૨૩ ના રોજ પુરાવા લિસ્ટ રજુ કરેલ છે જે મુજબ તેઓની તરફે આરોપીને રૂપિયા અગાઉ ચુકવેલ છે તેવુ બતાવતુ બેંક સ્ટેટમેન્ટ રજુ છે.

આમ, ઉપરોક્ત નોંધેલ હકીકતોથી જણાઈ આવે છે કે હાલના બંને પક્ષકારો વચ્ચેના વ્યવહારોમાં આક્ષેપિત ચોરીનો ગુનો ઉપરાંતમાં બીજા મુળભુત મુદ્દામાલ ગાડીના વેચાણ અંગેની દિવાની તકરાર પાયામાં જણાઈ આવે છે. બંને પક્ષકારો વચ્ચે ગાડીનો અને પૈસાની લેતીદેતી બાબતનો વ્યવહાર છુપાયેલો છે અને તેવી તમામ હકીકતો હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સામે આવી શકે. ફરિયાદપક્ષે આ કામનો આરોપી સંમતિ વગર ગાડી લઈ ગયા અંગેની સીસીટીવી ફુટેજ પણ રેકર્ડ પર લાવવાની તૈયારી બતાવેલ છે. જેથી સ્પષ્ટ થાય છે કે બંને આરોપી ફરિયાદપક્ષ વચ્ચે નાણાકીય તથા ગાડીની લેતીદેતી બાબતના વ્યવહારો છે અને બંને પક્ષો એકબીજાને વ્યવહારો બદલ નાણા ચુકવેલ અને નહી ચુકવેલ તેવા પરસ્પર આક્ષેપો કરેલ છે. ફરિયાદીના કેસ મુજબ મુદ્દામાલ વાહન તેઓના ઘર

પાસેથી ચોરી થતા ગાડીમાં રહેલ ચેકબુકની પણ ચોરી થયેલ અને તે પૈકીના એક ચેકના સહારે આરોપીપક્ષે ફરિયાદપક્ષ સામે લેણુ બાકી હોય તેવી હકીકતોને આધારે ચેકની ફરિયાદ પણ કરેલ છે. પરંતુ રેકર્ડ પરની હકીકતને ધ્યાને લેતાં, આ કામના આરોપી ફરિયાદીને મુદ્દામાલ વાહનની રકમ સંપૂર્ણપણે ચુકતે કરેલ હોય તેવો કોઈ આધાર પુરાવો હાલના તબક્કે રજુ કરી શકેલ નથી. ફરિયાદીની આરોપી સામેની કાર્ડ ચોરીની ફરિયાદ સબબ બંને પક્ષોની મુદ્દામાલ ગાડીની વચગાળાની તબદીલી માટેની અરજીમાં સમાધાન પુરસીસના આધારે ગાડીનો વચગાળાનો કબજો ફરિયાદીની સંમતિથી આરોપીને સોંપેલ પરંતુ બદલાયેલ પરિસ્થિતિમાં ફરિયાદીનુ તથા બંને પક્ષોના વચ્ચે મીડીએટરના સોગંદનામા મુજબ ફરિયાદીને આરોપી વચ્ચે થયેલ સમજણ મુજબ વર્તન થયેલ ના હોય મુદ્દામાલ ગાડીના કબજાની સોંપણી વચગાળાની સોંપણી વિવાદીત બનેલ છે અને તેનો ન્યાયિક નિર્ણય માત્ર ઈન્સાફી કાર્યવાહી બાદ સીઆરપીસી કલમ ૪૫૨ મુજબ આખરી હુકમ થઈ શકે તેવુ ન્યાયિક જણાય છે. જેથી મુદ્દામાલ ગાડી જેને હાલની અદાલતે સીઆરપીસી કલમ ૪૫૧ મુજબ આરોપીને સોંપેલ હોય પરંતુ તેવી સોંપણી પક્ષકારો વચ્ચેના કરારના પાલનનો ભંગ થયેલ હોય તથા બંને પક્ષકારોએ પોતાના હિતમાં જે વાંધાઓ તથા દાવાઓ રજુ કરેલ છે તે એક દિવાની પ્રકારની તકરાર જણાતી

હોય જેનો નિર્ણય કેસના આખરી હુકમ બાદ જ થઈ શકે તેવુ ન્યાયોચિત હોય, મુદ્દામાલ ગાડી કે જે હાલમાં આરોપી કે જેઓ આરટીઓ ના દફ્તરે નોંધાયેલ ના હોય તેવા વ્યક્તિ હોય અને વિશેષમાં બંને પક્ષકારોને ગાડીના કબજા સોંપવામાં આવે તો સામસામે તેવી શંકા-કુશંકા છે કે મુદ્દામાલ ગાડીનો બિનકાયદેસર રીતે નિકાલ થઈ શકે તેવી તમામ શક્યતાઓને ધ્યાને લેતા અત્રેની અદાલતનો સીઆરપીસી કલમ ૪૫૧ લગત કરેલ તા.૧૩/૦૭/૨૦૨૩ નો હુકમ માં સુધારો કરી મુદ્દામાલ વાહનને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન પોલીસ સ્ટેશનમાં સાચવણી હેઠળ રાખવા ઉચિત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: <u>હુકમ</u> ::-

આંક-૧૪ની ફરિયાદીની અરજી અંશત: મંજુર રાખવામાં આવે છે. સીઆરપીસી કલમ ૪૫૧ લગત અત્રેની અદાલતના તા.૧૩/૦૭/૨૦૨૩ ના વચગાળાના હુકમથી આરોપી કાર્તિક પ્રવિણભાઈ પટેલને સોંપેલ મુદ્દામાલ ફોર્ડ ગાડી નંબર જીજે-૩૮-બીબી-૬૯૬૯ કે જે હાલમાં આરોપીના કબજામા હોય તે મુદ્દામાલ ગાડી દિન-૦૮ માં એટલે કે તા.૧૭/૦૧/૨૦૨૪ સુધીમાં તેવી ગાડી સોંપેલ તે પરિસ્થિતિમાં ચાંગોદર પોલીસ સ્ટેશનમાં પરત સોંપી દેવા હુકમ કરવામાં આવે છે. ચાંગોદર પો.સ્ટે.માં હુકમની યાદી ગાડીની

યોગ્ય જાળવણી માટે કરવી.

આરોપી હુકમ મુજબ ગાડી સોંપવામાં નિષ્ફળ રહે તો ચાંગોદર પો.સ્ટે.હુકમની અમલવારી માટે ઘટતુ કરી મુદ્દામાલ વાહન પોતાના કબજામાં પરત મેળવી અત્રેની કોર્ટને જાણ કરવી.

આજ રોજ હુકમ તા.૦૮/૦૧/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(કે.પી.પાચોડે)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
સાણંદ.